અગત્યનું - તાત્કાલિક

જા.નં./માધ્યમિક/ફાજલ/૧૯-૨૦/૪૫૦૩૯
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
કારેલી બાગ, વડોદરા.
તા.૧૫-૧૦-૨૦૧૯
૧૬

પ્રતિ,
સંચાલકશ્રી/આચાર્યશ્રી,
બિન સરકારી માધ્યમિક અને ઉ.મા.શાળાઓ,
તમામ, જિ.વડોદરા.

**વિષય:** માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકના વર્ગઘટાડા / મળવપાપાત્ર મહેકમ કરતાં વધુ મહેકમ ધરાવતી શાળાનાં ફાજલ થયેલ શિક્ષક/કારકુન/ પટાવાળાને અન્યત્ર સમાવવા બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે જિલ્લાની માધ્યમિક અને ઉ.મા. શાળાઓમાં જુન-૨૦૧૯ થી વિદ્યાર્થી સંખ્યા ન થવાને કારણે કેટલીક શાળાઓમાં વર્ગ ઘટાડા થવાને કારણે અને મળવપાપાત્ર મહેકમ કરતાં વધુ મહેકમ ધરાવતી શાળાનાં ફાજલ થયેલ આચાર્ય/શિક્ષક/કારકુન/ પટાવાળાને જિલ્લાની અન્ય શાળામાં સમાવવાનાં આદેશ અત્રેથી થયેલ છે, તેવા તમામ ફાજલ કર્મચારીઓને તે શાળાએ ફાળવેલ શાળામાં હાજર થવા માટે તાત્કાલિક છુટા કરી દેવા અને ફાજલ કર્મચારીને જે શાળામાં સમાવવા આદેશ કરવામાં આવેલ છે તેવી શાળાઓએ આવા ફાજલ કર્મચારીને શાળામાં તાત્કાલિક હાજર કરી દેવાના રહેશે. જો તેમ કરવામાં કસુર થશે તો ફાજલ કર્મચારીને કામ સિવાય વેતન ચુકવવાના કારણે ફાજલ કર્મચારી જે તારીખે સમાવેશ કરેલ શાળામાં ફરજ પર હાજર થવા આવે તે તારીખથી જયાં સુધી શાળામાં હાજર કરવામાં ન આવે ત્યાં સુધીનો ચુકવવામાં આવનાર તમામ પગાર ખર્ચની રકમ શાળાને મળવાપાત્ર ગ્રાન્ટમાંથી વસુલ કરવામાં આવશે, તેમજ આ કચેરીનાં આદેશના અનાદર સબબ ગ્રાન્ટ ઇન એઇડ કોડના નિયમો ૯૫ ની જોગવાઇ અન્વયે શાળાને સને ૨૦૧૯-૨૦ ના વર્ષમાં મળવાપાત્ર તમામ ગ્રાન્ટ પર ૨૫% ગ્રાન્ટ કાપ આપવામાં આવશે.

શાળાએ ફાજલ કર્મચારીને છુટા કર્યા બાદ જો કોઇ ફાજલ કર્મચારી સમાવેલ શાળામાં હાજર નહી થાય તો શિક્ષણ વિભાગનાં તા.૨૧-૦૫-૧૯૯૪ નાં ઠરાવની જોગવાઇ મુજબ ફાજલનું રક્ષણ રદ્દ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

Scanned by CamScanner